સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૯–૬–૦૬ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો:–

મ્યુ.કમિશનરશ્રીના તા.૧૭–૨–૦૬ ના પત્ર નં.સી.મી.સ/૮/૪૧ થી વિદિત થઈ, નોર્થ ઝોન વિસ્તારમાં મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં.૫૨ (વેડ) ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ–૪૨(૧) મુજબ યોજનાનો મુસદ્દો સરકારી રાજયપત્રમાં તથા બે સ્થાનિક દૈનિકપત્રોમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો પ્રસિધ્ધ કર્યાની તારીખથી ૩૦ દિવસની અંદર જાહેર જનતા પાસેથી વાંધા/સૂચનો મેળવવા તથા આવેલ વાંધા/સૂચનો ધ્યાને લઈ ઉપરોકત કાયદાની જોગવાઈઓ મુજબ સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫૨ (વેડ) ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ–૪૨(૧) મુજબ પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી કરવા મંજુરી આપવાનું તથા તેને આનુસાંગિક જરૂરી કાર્યવાહી કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૩૦/૨૦૦૬ સર્વાનુમતે મંજુર

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

આવક રજીસ્ટર ૨૦૦૬/૦૭ પાન નં. ૧૩
પર અનુક્રમ નંબર ૧૩ થી નોંધ કરી
હેડ કલાર્ક
તા. ૧૩/૬/૦૬

સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.૧૨–૬–૦૬.

કુજદે....

નં. સીસીએસ/૮ ૧૬/૨
તા.૨૨/૬/૨૦૦૬

INWARD No. ૬૭
T. P. D. ૬૨૧૫
Date ૨૩/૬/૨૦૦૬